સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

ફેંકા ફેંક, જવાબદારીનો, બ્લાસ્ટ થાય છે!
ને નેતાઓનાં નિવેદનોનો બ્લાસ્ટ થાય છે!
બ્લાસ્ટ થાય છે માનવતાહીન નેતૃત્વનો -
સ્વાર્થી રાજકારણનો પણ, બ્લાસ્ટ થાય છે!

હાઈકુ

ચાલ્યા કરે છે,
સીબીઆઇનું રોજ
એન્કાઉન્ટર!!
(પૂછપરછ ને ઘરપકડ)

કડકાઇના,
તપ્ત સફેદ રણે
મીઠી વીરડી..
(વજુભાઇની કોમેન્ટ્સ)

ચિંતન

બોધિતો અપિ બહુસૂક્તિ વિસ્તરૈઃ કિં ખલો જગતિ સજ્જનો ભવેત ।
સ્નાપિતો અપિ બહુશો નદી જલૈર્ગર્દભઃ કિમુ હયો ભવેત કવચિત્? ॥

'જગતમાં દુર્જનને ઘણાં સારાં, બોધદાયક વચનોથી ઉપદેશ આપી સમજાવવામાં આવે છતાં તે શું સજ્જન થાય છે? નદીના પાણીમાં વારંવાર સ્નાન કરવવા છતાં શું ગદેડાને ક્યારેય ઘોડો થયો હોય એવું જોયું છે?'

કેટલાક લોકોનો સ્વભાવ જક્કી જ હોય છે એકવાર જે વાત પકડી લે ભલે તે હળાહળ ખોટી હોય પણ એને તો એ 'પરમ સત્ય' જ લાગે છે. અને પોતાને બુદ્ધિમાન અને સમજુ સમજીને પોતાનાં 'સત્યો' પર મક્કમ જ રહે છે.

આવા લોકો કદી પોતાના નિર્ણયો, સ્વભાવ, ટેવો, આચરણ, વર્તન, બદલતા નથી, અને પોતે જે કરે છે, કહે છે તે જ વૈજ્ઞાનિક-સનાતન સમજે છે એટલું જ નહીં એને સાચું શું છે એવું સમજાવનાર ને પણ એ તુચ્છ અને બુદ્ધિવગરના જ માને છે.

આવા જક્કી સ્વભાવના દુર્જનો-સત્સંગ કરે, બૌદ્ધિકોની સભામાં જાય, અનુભવી વડીલો એને પ્રેમથી સમજાવે તેમ છતાં એ પોતાની દુર્જનતા-ખોટા નિર્ણયો-હુટેવો-દુરાચારનો પંથ છોડતો નથી.

અહીં આ વાત સમજાવવા, 'ગદેડા'નું દૃષ્ટાંત આપ્યું છે. અને પવિત્ર નદીમાં વારંવાર સ્નાન કરાવવામાં આવે છતાં એ ગદેડામાંથી ઘોડો થતો નથી.

સુવિચાર

- દુનિયા સ્વાર્થી અને ભૂલકણી છે, પોતાના સ્વાર્થ જેટલું જ યાદ રાખી, બાકી બીજું બધું જ ભૂલી જાય છે - હજારીપ્રસાદ દ્વિવેદી
- ધન, વૈભવ, પદ, અધિકાર, બધી સ્વાર્થની ભૂમિકા છે - રાંગેય રાઘવ
- યોગ્ય-અયોગ્ય વિચારથી રહિત હોવાથી સ્વાર્થની તૃષ્ણાઓ ચારિત્ર્યવાન લોકોને પણ ચલિત કરી નાખે છે - ભાણભટ્ટ
- બીજાને આપવામાં જે સુખ અને આનંદ છે તે ભંડાર ભરવામાં નથી - ભુલ્લા
- મને એ વાતનું ગૌરવ છે કે મેં એક પણ શોધ કોઇની હત્યા કરવાના હથિયારની નથી કરી - થોમસ આલ્વા એડિસન
- નિઃસ્વાર્થ પ્રેમ જ સાચો પ્રેમ છે, અપેક્ષાઓથી ખરડાયેલો પ્રેમ પીડાદાયક બને છે - એસ. ભટ્ટાચાર્ય
- માણસનું હૃદય શંકા, અને દોષારોપણથી નહીં પણ પ્રેમથી જ જીતી શકાય છે - રોલિંગ

બોધ કથા

રાજકારણી, નેતાઓની દરેક પ્રવૃત્તિમાં વૃત્તિ પ્રચાર અને પ્રખ્યાતિની જ લગભગ હોય, કથામાં જાય, ગંગામાં ડૂબકી મારે, દર્શન કરવા જાય, દાન આપે, અરે કોઇ શહીદની સાદડીને જાય તો પણ ટીવી-કેમેરા અને પત્રકારોને પ્રથમથી હાજર રહેવાની સૂચના-આજ્ઞા અપાઇ જાય... લાભાર્થીઓને ચેક આપે તો પણ ટીવી-કેમેરામાં દેખાય એવડા 'પોસ્ટર' સાઇઝના બનાવીને આપે! પ્રચારની ભૂખે ગરીબીની મજાક ઉડાવે..

અફઝલ ગુરૂને બારવર્ષે જે ફાંસી થઇ એ બનાવ ૨૦૦૧નો - સંસદ પર હુમલોનો એ કાવતરાં-ખોર, એ હુમલાનાં સંસદનો સૈનિક જવાબ 'મોહનસિંહ' સામનો કરતાં શહીદ થઇ ગયો..

એમના પરિવારને સાંત્વના આપવા માટે અમરસિંહ (મુલાયમના નિકટના મિત્ર અને અમિતાભના ભાઇ, જયા બચ્ચનના દેવર) જે અત્યારે ક્યાંકના અને કોઇનાં નથી એ પાકા રાજકારણી..

એ અમરસિંહ, મોહનસિંહના વિધવાને સાંત્વન આપવા ટીવી કેમેરા - પત્રકારોને લઇ એને ઘેર ગયા અને ફોટા પડાવી. દસ લાખનો ચેક આપ્યો. છાપાં-ટીવીમાં ફોટા સમાચાર છપાઇ ગયા, હેતુ સફળ થઇ ગયો.

મૂળ રહસ્ય હવે છે, ચેક બેન્કમાં જમા કરાવ્યો ત્યારે પાછો આવ્યો, નેતાજીએ શબ્દોમાં 'દસ લાખ' લખ્યા હતા પણ 'આંકડા'માં એક મીંડું ઓછું..

વિધવા ચેક હાથોહાથ પાછા આપી આવ્યાં ફોટા પડાવ્યાં વિના જ સ્તો.

પ્રત્યેક દિવસ તમારો અંતિમ દિવસ છે એવો ભાવ રાખો, પોતાના જીવનની પ્રત્યેક ક્ષણમાં તેનો જપ કરો, સતત પોતાનું જીવન પ્રભુને સમર્પિત કરો

(ગતાંકથી આગળ...)

કોઇ તમારાં પર વિજય નહીં પામે, પરમાત્મા સ્વયં તમારી સેવા કરવા માટે બાધ્ય છે, કારણ કે તેનાથી આકર્ષિત થાય છે, જે તે સ્વયં તમારી અંદર છે - એ રીતે એ ''એકત્વ'' જ મહાન અંતર્દષ્ટિનો સાર છે, કારણ કે જે તમારી અંદર આત્મસ્વરૂપ છે - તે કે જે તું છે - તે જ ઈશ્વર છે - વસ્તુતઃ તમે જ ઈશ્વર છો.

તત-ત્વમ અસિ - હરિ ૐ તત સત

તે તું છે - હરિ હી ૐ ઔર વો હી સત્ય હૈ

વિશ્વાસ તો કરો છો ને? વિશ્વાસ પોતાનામાં કરો. પોતાનામાં ઈશ્વર નથી કરતાં તો ઈશ્વરમાં કેવી રીતે કરશો? તમારે સ્વયં પોતાની રક્ષા કરવી પડશે. પરમાત્મા એમની જ સહાયતા કરે છે, જે સ્વયં પોતાની સહાયતા કરે છે. પોતાના આત્માને ઓળખો. ધાર્મિક ભાવથી એને માપો. એ જાણો કે તમે શરીર નથી. વિચાર પણ તમે નથી, વિચાર તો માત્ર જોવાનું સાધન છે - પરંતુ સાધ્ય તો સ્વરૂપ જ છે - આથી અંતિમ સત્ય સ્વાનુભવ છે - પરમ ઉપદેશ છે કે મનુષ્ય પોતાને જાણે. પોતાના સ્વભાવનો અનુભવ કરે.

સંદેહ સમાન કોઇ પાપ નથી. સંદેહ સાથે ઝેરની જેમ વેર કરવાનું શીખી લે કારણ કે, આ જ સૌથી મોટી કમજોરીછે. પોતાનામાં સદેહ કરવો એટલે વસ્તુતઃ પોતાને પતિત સમજવું છે, કોઇનાંથી પણ સ્વયં, પરમાત્માથી પણ ભયભીત ન થવું. પરમાત્મા પ્રેમ કરવા યોગ્ય છે. ભય ને નહીં, તમે સ્વયં પોતાનાથી જ કેવી રીતે ડરી શકો છો? પરમાત્મા જ તમારો આત્મા છે. પરમાત્માથી વિશેષ - અન્ય કોઇ વસ્તુનું અસ્તિત્વ નથી. તે તમે છો. આથી ઊઠો, જાગો, અને લક્ષ્ય પ્રાપ્તિ સુધી રોકાવો નહીં.

પવિત્ર આત્માનો જ આ જ અનુભવાત્મક વિચાર છે.

મનની ગતિ વિધિઓનું નિત્ય - નિરંધર નિરીક્ષણ અત્યંત આવશ્યક છે, કયારેક એ સમય આવશે જ જયારે તમે પોતાની વાસ્તવિક સ્વભાવની ઝલક પામતાં થશો, અને પોતાની નબળાઈને જાણશો.

સાચી પ્રાર્થના : ૭

ધ્યાનાં સમયે આત્મા પોતે પોતાને કહે છે, પરીક્ષા સમયમાં કમજોરી - બહુ જ દેખાય છે તે નિશ્ચિત છે પણ તે કમજોરી પાપ છે, એ સમયે આ જ્ઞાન તેને નષ્ટ કરી નાંખે છે. એક ઝેર ને જાણી લીધા પછી સ્વાભાવિક જ તમે તેનાથી દૂર રહો છો. એકવાર પણ પોતાની નબળાઈઓને જાણી લીધાં પછી તે રહેશે નહીં. તમે પોતાની બધી જ મુશ્કેલીઓનું મૂળ ખોલી નાંખ્યું ચે. તમારી અંતરતમ, સાચી લગન એની ગતિ બદલી નાખશે, જો લગની સાચી હશે તો થોડાં જ સમયમાં વિજય બનશો. અડગ વિશ્વાસની સાથે પ્રાર્થના કરો. ઉદાત મૂલ્યો માટે તે સમયે પરમાત્માને પોકારો. તે તમારી પ્રાર્થના સાંભળીને અવશ્ય અનુગ્રહ કરશે.

સિધ્ધાંત અલગ વસ્તુ છે અને જીવન અલગ છે. જાણવું અલગ વસ્તુ છે અને તે પ્રમાણેનું આચરણ અલગ છે. અનુભવ કરો કે સત્યનાં સંબંધમાં ભલે તમારૂં બૌધ્ધિક જ્ઞાન કેટલું પણ વધારે કેમ ન હોય, તમારૂં લક્ષ્ય તો મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું છે. અનુભવ જ બધઉં છે. તમારામાં જે પશું છે તે બળવાન જરૂર છે, પણ તે સાચી પ્રાર્થનાથી પાલતું બનાવી શકાય છે. માત્ર પ્રાર્થના જ કામ પર વિજય પ્રાપ્ત કરી શકે છે. પરમાત્માનાં નામથી વધારે કશું જ નથી.

મનોગતિની સતત દેખરેખ અને સાચી પ્રાર્થના જ તમારા ધ્યેય છે. એમનાં દ્વારા તમને અવ્યક્ત સહાયતા મળશે અને તમે મુક્ત થઈ જશો. માર્ગ લાંબો જરૂર છે પરંતુ અંત અવશ્ય છે જ. પ્રાર્થના બહુ જ ઊંડાણ સુધી જાય છે. વાસનાઓને સમૂળગી નષ્ટ કરી નાખે છે. નિરંતર પ્રાર્થના કરો. હંમેશાં પ્રાર્થના કરો! ખરાબ સમયમાં અધીર ન બનો. પરમાત્મા હંમેશા નજીક છે. તે તમારી પીડા, સરળતા અને સત્યતા જાણે છે.

એને પોકારવાનું કયારેય ન છોડો! જયારે કોઇ પાપ થઇ જાય તો પણ બળપૂર્વક પ્રાર્થના કરો. પ્રાર્થનાની ગહેરાઈથી જ પરમાત્મા - પ્રેમ, અલૌકિક દૃશ્ય અને આત્માનુભવ આવે છે. પોતાને એ વિચાર પર સ્થિર કરો, કે પરમાત્મા સર્વશક્તિમાન છે અને તેનો સ્વભાવ એક સારા ગોવાળીયાની જેમ છે પોતાના ઘેટાં-બકરાંની દેખભાળ રાખે છે, ખાસ કરીને તે સમયે કે જયારે તે ભટકવા લાગે છે.

આ પહેલેથી જ જાણી લો કે તે વિધાતા છે અને પ્રેમનું સ્વરૂપ છે. ફક્ત માંગો અને તમને મળશે. ફક્ત દરવાજો ખટખટાવો, તે તમારે માટે ખૂલશે. થોડોક પ્રયત્ન તો કરો, તે તમને ઉદાત્ત મુલ્યોથી ઉન્નત બનાવી દેશે.

પ્રત્યેક પ્રાર્થના જે તમે કરો છો, તમારા બધાં ભાવ જે પરમાત્માને માટે ઊભા થાય છે, તે બધા તમારામાં જોડાઈ જશે અને તમને શક્તિ આપશે. તમારી પ્રાર્થના તમને પૂર્ણ બનાવી દેશે. જે પ્રાર્થના પર વિશ્વાસ કરો. આ સાધન છે, તમારૂં હૃદય કેટલુંય અંધકારમય કેમ ન હોય, પ્રાર્થના તેમાં પ્રકાશ લાવશે. કારણ કે પ્રાર્થના જ ધ્યાન છે. પ્રાર્થના જ અદ્‌ભૂત દૃશ્ય છે. પ્રાર્થના સર્વશક્તિમાન સાથેનું મિલન છે.

પ્રાર્થના સર્વવ્યાપી અને પ્રેમ સ્વરૂપ પરમાત્મા સાથે સંયોગ કરાવે છે. પ્રાર્થના મનને પાંખો આપે છે - અથવા મનની પાંખો બની જાય છે. જો તમે કાદવ કીચડમાં, દલદલમાં ફસાયેલાં છો, તો નીકળી જશો. જો પહાડનાં બોજની જેમ તમારામાં કષ્ટતા આવી ગઇ છે અને તમારી સમસ્ત ધાર્મિક ભાવના દબાઈ ગઈ છે તો પ્રાથના તમને ઉપર ઉઠાવી દેશે. ઊંડાણથી પરમાત્મા તમારી પ્રાર્થના સાંભળશે. એનો પ્રેમ અને અનુગ્રહ તમારા પર પ્રગટ થશે અને તમે પરમાત્માનાં અનુગ્રહનાં પ્રમાણ સ્વરૂપ ઉન્નત થશો. પોતાના સંરક્ષક પરમાત્માની મહત્તાનું સંગીત ગાશો. વસ્તુતઃ એનો અનુગ્રહ જ ન્યાય છે. જે હંમેશા રહે છે. પ્રાર્થના કરતાં રહો. ભલે વધુમાં વધુ પ્રલોભનરૂપી શત્રુ તમારા પર આક્રમણ કરે. એની કોઇ ચિંતા ન કરો. પ્રાર્થના દ્વારા પોતાના સ્વભાવનો ચારે બાજુ એક એવો કિલ્લો બનાવી લો, જે કોઇ પણ પ્રકારે તોડી ન શકાય.

પ્રાર્થના કરતા રહો. એનાથી પ્રતિકુળ નરકનાં ફાટક પણ નહીં ખુલી શકે. પ્રાર્થના જ ષડરિપુને હરાવે છે. પરમાત્મા તમને પોતાનામાં પ્રેમ અને અનુભવની દોરીથી બાંધી લેશે.

મુશ્કેરીઓનો સામનો કરો : ૮

હૃદયનાં અંતરતમ શાંત પ્રદેશમાં ગુરૂદેવ કહે છે કે, દેહાત્મ બુધ્ધિ આત્માને પ્રતિકૂળ નિરંતર યુધ્ધ કરે છે. આથી જ હંમેશા સાવધાન રહો. ભૌતિક વિષય વસ્તુને સર્વસ્વ માનતું જીવન સારહીન છે. ઈન્દ્રિયોનો વિશ્વાસ ન કરો. ઈન્દ્રિયો સુખ-દુઃખથી ચંચળ થાય છે. હે પુત્ર! તારે આનાથી પરે જવાનું છે. તું આત્મા છે. શરીરનો નાશ કોઈ પણ સમયે થઈ શકે છે. સાચે જ સમયને કોણ જાણે છે? આથી આદર્શ પર પોતાની દૃષ્ટિ અચળ રાખો, પોતાને ઉચ્ચ વિચારોથી તૃપ્ત રાખો. મૃત્યુનાં સમયે નહી, પરંતુ જીવન જીવતા જીવતા તમે પોતાનાં મનને શુધ્ધ અને મુક્ત રાખો. જો સહસા મૃત્યુ આક્રમણ કરે તો પણ તૈયાર રહો. પોતાના જીવનને એવી રીતે પસાર કરો કે જેવી રીતે અત્યારે જ મૃત્યુ તમારી પાસે છે. વાસ્તવમાં ત્યારે તમે જીવશો. સમય ખૂબ જ ઝડપથી જઈ રહ્યો છે. તો તમે આ પરિમિત સમયને અંત બનાવી શકો છો, જો અમર ભાવોની, કલ્પના કરો. તો ભાવિનાં શુધ્ધિકરણથી તમે આ સિમિત વ્યક્તિત્વને અનંત બનાવી શકો છો. જો આ પૃથ્વી પર આદર્શ જીવન નહી વિતાવો તો પછી પશ્ચાતાપ કરશો, 'હું પણું' અને 'મારાપણું' જ અજ્ઞાન, તથા દુઃખનું કારણ છે. હજારો જીવ આ કહેતા કહેતા પશ્ચાતાપ કરે છે જો, મે આ શરીરમાં આવું કર્યું હોત, તો અમે મારા પરમાત્માની નજીક હોય. એટલે જ આ સમયે પોતાનું સમસ્ત જીવન આદર્શ માં અર્પિત કરી દો અને કહો કે, હે પરમાત્મા, તમારો સાક્ષાત્કાર કરવો, મને શ્રધ્ધાળુ બનાવો અને તમારા માટે મને સાચી લગન આપો.

સતત પ્રાર્થના કરો કે, ''હે પરમાત્મા, હું કેવળ તમને જ પ્રેમ કરૂં છું.'' આત્મા નિરંજન, નિરાકાર, નિર્ગુણ, અનંત છે. તમારામાં એની અનંત શક્તિ છે. તેને બોલાવો! તમારી પાછળ અનંત શક્તિ છે, અનુભવ કરો કે તમે પરમાત્માનું હૃદય છો! એ તમારાથી જ શ્વાસ લે છે. એ તમારામાં જ રહે છે, અને તમારામાં જ સ્પંદિત થાય છે. તમારૂં અસ્તિત્વ સ્વયં એમનામાં જ છે. આ અનુભવ કરી લીધા પછી બધા જ ભય નષ્ટ થઈ જાય છે. તમે નિર્ભય થઈ જશો.

આત્મા ગુરૂના શબ્દોમાં ઉત્તરમાં કહે છે, ''હે પરમાત્મા, તમે બધા પદાર્થોના કર્તા છો. તમારો સ્વભાવ અનંત પ્રેમ છે. તમે સર્વત્ર છો.'' હું આ વિચારમાં ઘનિષ્ટતાની સાથે તન્મય થઈ જાઉં. તમારા સિવાય સંસારનાં કોઈ પણ પદાર્થ વિષય વસ્તુની આશા નથી. આ ક્ષણ ભંગૂર જીવનમાં ભય, મૃત્યુ સર્વત્ર વ્યાપ્ય છે, અને મનુષ્ય દુઃખી તથા ભ્રમિત થયેલો જોવા મળે છે. જયારે તે આ ભયને દૂર કરી દેશો, ત્યારે જયાં મૃત્યુ દબાયેલા પગે ઘાત માટે આગળ વધી રહી છે. અને જયાં જીવન દુઃખોથી ઘેરાયેલું છે ત્યાં હું તમને દેખાઈશ. મારી પ્રાર્થના સુનો.

ગુરૂનાં શબ્દોમાં ઉત્તર આવે છે, ''વસ્ત! પરમાત્માને બોલાવો! હંમેશા પરમાત્માને પોકારો! ફક્ત એનું જ ચિંતન કરો. તે અનંત શક્તિ તમારી ચારે બાજુ છવાઈ જશે, તે અનંત પ્રેમ તમને આલિંગન કરી લેશે અને તમારા આત્માને અનુભવના શબ્દો કહેશે. પરમાત્માને આત્મસમર્પણ તમારી બધી જ મુશ્કેલીઓને સૂલઝાવી દેશે. સાચું મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું સાધન તે ઉન્નત પ્રેમ પ્રતિ સર્વભાવથી સંપૂર્ણપણે આત્મ સમર્પણ કરી દેવામાં જ ભલાઈ છે. હંમેશાં ધ્યાનની સ્થિતિમાં આનો પ્રકાશ થાય છે. જયારકે જીવન ભ્રમમય પ્રતિત થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આત્મ ગોષ્ઠી
- ઉર્વી રાજવીર

ટેલીગ્રાફીક એક્ટ અંગે સમજૂતિ

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

કોઇ પણ વ્યક્તિનો મંજૂરી મેળવ્યા સિવાય ફોન ટેપ કરવો એ માનવ અધિકારનું ઉલ્લંઘન છે.

ઘણી વખત છાપામાં સમાચારમાં રાજકીય નેતાના ફોન ટેપીંગના સમાચાર જાણવા મળે છે. રાજીવ ગાંધી વડાપ્રધાન હતા ત્યારે બોફોર્સ કાંડમાં સૌ પ્રથમ વખત ફોન ટેપીંગનું ભૂત ઘૂણેલ, ત્યારથી આજદીન સુધી ફોન ટેપીગ વિવાદ સમયાંતરે દેશનાં રાજકારણને ગરમ રાખ્યું છે.

ટેલીફોન ટેપીંગ માટે ૧૮૮૫માં બનેલા ટેલીગ્રાફીક એક્ટનાં નિયમ હેઠળ ડિસેમ્બર ૧૯૯૬માં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટી નામની સંસ્થાએ સરકાર સામે કેસ કર્યો હતો. તેમાં જણાવેલ કે ટેલીફોન ટેપીંગથી સામાન્ય માણસની પ્રાયવસીનો ભંગ થાય છે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ગાઇડલાઇન્સ બહાર પાડી, ટેપીંગના ઉદ્દેશો, સ્પષ્ટ કરવાનો નિર્દેશ કરેલ, કોના ફોન ટેપ થશે? શા કારણથી? કોને માહિતી અપાશે? વિગેરે કારણો સ્પષ્ટ થવા જોઇએ. દેશની સલામતી માટે અગ્રતા આપવામાં આવેલ.

મંજૂર વિના ફોન ટેપીંગ એ ગુનો બને છે.

આવા ફોન થતાં હોય તો ભોગ બનનાર વ્યક્તિ માનવ અધિકાર પંચમાં ફરિયાદ કરી શકે છે. પોલીસ સ્ટેશનમાં FIR નોંધી શકાય છે. ફોન કરનાર વ્યક્તિ સામે રેપીંગ કરનાર કંપની સામે કેસ નોંધાવવામાં આવે છે.

ફોન ટેપ કરનાર વિભાગને તેની પરવાનગી મળી હોય તો તે કાયદેસર ગણાય છે. આ માટે કંપનીએ એક પ્રપોઝલ તૈયાર કરવાની હોય છે. તેમાં જે તે વ્યક્તિના ફોન ટેપીંગનું કારણ જણાવવાનું હોય છે. તેમજ કંપની કેવી રીતે મદદ કરી શકે છે તે સમજાવવાનું હોય છે. ત્યારબાદ આ પ્રપોઝનને ગૃહમંત્રાલયને યોગ્ય લાગે તો ફોન ટેપીંગ માટે મંજૂરી આપવામાં આવે છે.

બે વ્યક્તિની વાતચીત ત્રીજી વ્યક્તિ સાંભળે છે. ગૃહમંત્રાલય દ્વારા તપાસકર્તાને જે તે વ્યક્તિને ફોન ટેપ કરવાની મંજૂરી મળી જાય તો તેની પાસે જે પણ નેટવર્કનું કાર્ડ કનેકશન હોય છે તે નેટવર્ક પ્રોવાઇર કંપની પાસે જઇને ફોન ટેપ કરે છે.

ફોન ટેપીંગ માટે ભારતમાં કેન્દ્ર અને રાજય સરકાર પાસે અધિકારો છે. ફોન ટેપીંગ ગૃહમંત્રાલય અગર તો કોર્ટના આદેશના આધારે જ કરી શકાય છે.

સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશ પર ટેલીફોન ટેપીંગ માટે કેન્દ્ર સરકાર તરફથી ગૃહસચીવ કે રાજય સરકારના ગૃહસચિવ જ આદેશ જારી કરી શકે છે.

ફોન ટેપીંગના આદેશ માટે કોર્ટે એ જાણવું જરૂરી છે કે કોઇ મોટી ઘટનાને રોકવા માટે છે કે કેમ. રાષ્ટ્રવિરોધી, આતંકવાદી પ્રવૃત્તિઓ ગુપ્ત અહેવાલ, તૈયાર કરવા માટે ફોન ટેપીંગની કાયદાકીય જોગવાઇ છે. પરવાનગી વગરના ફોન ટેપીંગ માટે ઓફીશિયલ સીક્રેટ એક્ટ ૧૯૨૩, કોપીરાઇટ એક્ટ તથા વીડિયો કોલીંગ હોય તો પ્રસારભારતી એક્ટ મુજબ પગલાં લેવામાં આવે છે.

ઘણીવાર ઇન્વેસ્ટીગેશન જર્નાલીઝમ માટે તથા જર્નાલીઝ માટે પત્રકારો ગેરકાયદેસર રીતે વીડિયોગ્રાફી તથા મોબાઇલ ટેપીંગ કરીસ્ટીંગ ઓપરેશન કરે છે.

હાલમાં નેશનલ ટેકનિકલ રિચર્સ ઓર્ગેનાઇઝેશનની સ્થાપના કરી કોલ ટેપીંગને કંટ્રોલમાં રાખવા સરકાર પ્રયત્ન કરી રહી છે.

ફોન ટેપીંગ માટે કોર્ટે કે સરકારે આવેલી મુદ્દત બે માસ સુધીની હોય છે. ત્યારબાદ નવેસરથી મંજૂરી પરવાનગી મેળવવી પડે છે.

ભારતમાં ઇન્ટેલીજન્સ બ્યુરો (IB), ઇન્ફોર્મેશન ડિરેક્ટરોર (EO), દિલ્હી પોલીસ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન (CBI), ડિરેક્ટરોટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI), સેન્ટ્રલ ઇકોનોમીક્સ ઇન્ટેલિઝન્સ બ્યૂરો અને નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો આ સાત સેન્ટ્રલ એજન્સીઝને ટેલીફોન ટેપ કરવાનો અધિકાર છે.

ગેરકાયદેસર ટેલીફોન ટેપીંગમાં વ્યક્તિ પકડાય તો ત્રણ વર્ષની કેદ તથા દંડની જોગવાઇ છે. તેમજ ટેપ કરેલી વાતચીત બિનસત્તાવાર વ્યક્તિને આપે તો તે ટેલીગ્રાફ એક્ટની કલમ ૨૬ હેઠળ દોષી ઠરે છે. જેને કેદ, દંડ અને સજાની જોગવાઇ છે.

જર્મનીમાં બે કે તેથી વધુ વ્યક્તિની મંજૂરી સિવાય ટેલીફોન ટેપ કરવો એ ક્રિમીનલ કોડ હેઠળનો ગુનો ગણાય છે. કેનેડામાં પણ ગુનો ગણવામાં આવે છે. જયારે ફિનલેન્ડમાં ફોન ટેપીંગને મહત્ત્વનો મુદ્દો ગણવામાં આવતો નથી.

ભારતીય રાજકારણમાં રાજીવ ગાંધી, શરદ પવાર, પ્રકાશ કરાત, દિગ્વિજયસિંહ, નીતિશકુમાર ફોટ ટેપીંગનો ભોગ બન્યા છે.

હાલમાં પતિ દ્વારા પત્નીના તેમજ પત્ની દ્વારા પતિના ફોન ટેપીંગના કિસ્સા પણ બહાર આવ્યા છે જે ઘરેલું હિંસામાં ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ કોઇ વ્યક્તિની પ્રાઇવેટ વાતચીત ટેપ કરવી એ વ્યક્તિ સ્વાતંત્ર્યતાની વિરૂધ્ધ તથા માનવ અધિકારના ભંગ સમાન છે.

મેજિસ્ટ્રેટને એક માના શબ્દોમાં વિશ્વાસ બેસતાં ટોનીને મુક્ત કરી પોલીસને વધુ તપાસ કરવા સૂચના આપી

સાક્ષી - સં-વેદના
- જય ગજજર

ટોનીએ એક બિયર ઓર્ડર કરી લીલાને પૂછ્યું, "તમે અહીં નવાં છો?"

"કેમ સવાલ કરો છો? બિયરમાં રસ છે કે મારામાં?"

"બ્યુટીફૂલ સ્ત્રીમાં કોને રસ ન પડે? મારી મૈત્રી ગમશે?"

"તમારા જેવા હસમુખા યુવાનની મૈત્રી જ નહિ સાથ પણ મને ગમશે!"

અને પછી તો બંનેએ થોડા દિવસમાં એ સાથને ગાઢ બનાવ્યો. સાચા પ્રેમની પ્રતીતિ થતાં બંને પરણી ગયા.

એકાદ મહિનાના સહવાસ પછી ટોનીના પ્રેમમાં વિશ્વાસ ગાઢ બનતાં લીસાએ છુપાયેલ રહસ્ય ખોલ્યું. "મારી બેબીને આપણા ઘેર લઇ આવીએ?"

"હા, કેમ? મારે હેરી કાર અકસ્માતમાં મરણ પામ્યો પછી નોકરી કરવાની ફરજ પડી. બેબીને એક આશ્રમમાં મૂકી આવી હતી."

થોડું વિચારી બોલ્યો, "તે મને અંધારામાં કેમ રાખ્યો? હું તને પ્રેમ કરૂં છું. એમ હું તારી બેબીને પ્રેમ ન કરતા? તારા સુખ માટે તને હું કેવી રીતે રોકી શકું તને યોગ્ય લાગે તે કર..."

અને બિયર ઢીંચી ગયો. લીસા એની બેબીને ઘરે લઇ આવી. લીસા ખૂબ જ નમણી પ્રેમાળ બેબીને જોઇ કોઇ પણ હરખાઇ જાય. પણ ટોની પર કોઇ અસર ન થઇ. બલકે એના જીવનમાં આડખીલી બની રહી. લીસાનો સાથ ઝંખે.

ત્યારે રોઝ "મોમ" કહીને બૂમ પાડે કે તરત જ ટોનીને છોડી એની બેબી પાસે દોડી જાય. એ વખતે એના ગુસ્સાનો પારો આસમાને પહોંચી જતો. ધીરે ધીરે એની સહનશક્તિ બેકાબૂ બનતી જતી. લીસા એ જાણી ગઇ પણ ટોની પૈ શૈય્યાસુખ આપી પ્રેમથી ખુશ કરતો એટલે આંખ આડા કાન કરતી.

પણ એક દિવસ રોજ માટે એના બર્થડેની કેક લઇને ઘેર આવી. ટેબલ પર કેક મુકી એને હેપી બર્થડે કહેવા એની રૂમમાં ગઇ. રોઝ સૂનમૂન પડી હતી. બાજુમાં દૂધનો ગ્લાસ પડ્યો હતો. એનો જીવ ચાલ્યો ગયો હતો. એણે ચીસ પાડી. પણ રહસ્ય સમજાઇ જતાં એણે ફોન કરી એમ્બુલન્સ બોલાવી. ડોક્ટરે તપાસ કરી કહ્યું, "સોરી, શી ઇઝ નો મોર! કોઇએ દૂધમાં પોટેશિયમ સાઇનાઇડ ભેળવી એનો જાન લીધો છે."

એ સાંભળતાં જ લીસાએ પોલીસને ફોનો કરી ટોની વિરૂધ્ધ ફરિયાદ કરી.

પોલીસ ટોનીને હાથકડી પહેરાવી લઇ ગઇ. કેસ ચાલ્યો. લીસાએ વિચાર્યું. "હું એની વિરૂધ્ધ જુબાની આપીશ તો એને જીવનકેદની સજા થશે. એથી મારી બેબી પાછી નથી આવવાની. મારે શા માટે એક સ્વજનને જેલના સળિયા પાછળ સબડવા દેવો?"

અને એણે મેજિસ્ટ્રેટ સમક્ષ જૂઠ્ઠાણું રજૂ કર્યું, "સર, મારો ટોની મને પ્રેમ કરતો એનાથી અનેકગણો પ્રેમ એ રોઝને કરતો હતો. કોઇની દુશ્મનાવટનો એ શિકાર બન્યો છે. મારા સૌભાગ્યને બચાવી લો!" રડતાં અવાજે કાકલૂદી કરી.

મેજિસ્ટ્રેટને એક માના શબ્દોમાં વિશ્વાસ બેસતાં ટોનીને મુક્ત કરી પોલીસને વધુ તપાસ કરવા સૂચના આપી.

લીસા ટોનીને એની કારમાં લઇ ઘેર જવા નીકળી.

રસ્તામાં ટોનીએ પૂછ્યું, "ડિઅર તે મને સજામાંથી કેમ ઉગારી લીધો?"

"તું જેલના સળિયા પાછળ સબડ્યા કરત તો મારો ટોની મને ઓછો પાછો મળત?"

એના જવાબથી પીગળી ગયેલ ટોનીએ "ડિયર હાઉ મચ યૂ કેર ફોર મી" કહી લીસાએ બે બાહુ વચ્ચે જકડી એનો પ્રેમ ઠાલવતો રહ્યો.

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૪મી ફેબ્રુઆરી



- અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ જયોર્જ વોશિંગ્ટનનો જન્મ ૨૪-૨-૧૭૩૨. અમેરિકાનું નવું બંધારણ ઘડવામાં મહત્ત્વનો ફાળો બીજી વાર પ્રમુખ બન્યા. ત્રીજીવાર બનવાની ના પાડી, મનુષ્ય જન્મથી જ સ્વતંત્ર છે એ તત્ત્વજ્ઞાન વિશ્વ સમક્ષ આપ્યું. ફ્રાન્સને પણ ક્રાન્તિ માટે પ્રેરણા આપી.
- ૧૯૦૯માં પ્રથમ રંગીન ફિલ્મ બ્રાઇટોન જાહેરમાં પડદા પર દર્શાવાઇ.
- ૧૯૧૮ - ઓસ્ટ્રેનિયા સ્વતંત્ર રાજય બન્યું.
- ૧૯૧૪ - ભારત - સિલોન વચ્ચે રેલ્વે શરૂ થઇ. ૬૭૭૬ ફુટ ૨૮૬ ફુટનો તરતો પુલ માર્ગે સ્ટીમર આવજા કરે છે.
- ૨૪મી ફેબ્રુઆરી કેન્દ્રિય આબકારી જકાત ખાતા તરફથી સેન્ટ્રલ એકસાઇઝ ડેની ઉજવણી કરવામાં આવે છે. જનજાગૃતિ કાર્યક્રમો ઉજવાય છે.